# હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદની કોલેજ ઓફ એગ્રીકલ્ચર, જબુગામના B.Sc. (Agri.) ના ૭માં સેમેસ્ટરના વિદ્યાર્થીઓ એ મુલાકાત લીધેલ

---

કોલેજ ઓફ એગ્રીકલ્ચર, જબુગામના B.Sc. (Agri.)ના ૭માં સેમેસ્ટરના વિદ્યાર્થીઓ એ તા.૦૭.૧૦.૨૦૧૭ ના રોજ RAWEP પ્રોગ્રામ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સીટી હસ્તકના હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદની મુલાકાત લીધેલ.

કેન્દ્રની મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓને શરૂઆતમાં ડૉ. એમ. એમ. પંડ્યા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) એ કેન્દ્રનો પરીચય તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ડૉ. વાય. બી. ચૌહાણ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) એ કેન્દ્ર ખાતે ચાલતી વિસ્તરણની “એગ્રી પોલીક્લીનીક” અને “ ટી.ટી.એફ.” યોજનાઓની વિસ્તૃત માહિતી આપી.

ડૉ. એમ. એમ. પંડ્યા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) દ્વારા ફાર્મની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ ને સોયાબીનની “NRC-37” અને કોદરાની “GAK-3” જાતોઓની લાક્ષણિકતાઓ તેમજ બીજ ઉત્પાદન પ્લોટની પ્રત્યક્ષ માહિતી આપી. વધુમાં તેઓશ્રી દ્વારા કેન્દ્ર ખાતે ખરીફમાં લેવામાં આવતા વિવિધ બ્રીડીંગના અખતરાઓ જેવા કે આદુના સ્ટેશન ટ્રાયલ તેમજ ડાંગર, મગ, અડદ અને તુવેરના રાજયકક્ષાના, નાગલી, કોદરાના રાષ્ટ્રીય, રાજય અને સ્ટેશન, મકાઈના રાષ્ટ્રીય અને રાજય કક્ષાના અખતરાઓ વિશે માહિતીગાર કર્યા. ત્યારબાદ ડૉ. વાય. બી. ચૌહાણ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) એ ખરીફમાં લેવામાં આવેલ વિવિધ અખતરાઓમાં આવતા રોગ - જીવાત વિશે માર્ગદર્શન આપેલ.

અંતમાં ડૉ. વાય. બી. ચૌહાણ અને ડૉ. એમ. એમ. પંડ્યા દ્વારા કેન્દ્ર ખાતે આવેલ B.Sc. (Agri.) ના ૭માં સેમેસ્ટરના વિદ્યાર્થીઓને હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર હસ્તકના મ્યુઝીયમની મુલાકાત કરાવેલ.

# <u>ફોટોગ્રાફ</u>

<table>
<tr>
<td></td>
<td></td>
</tr>
<tr>
<td>કોદરાની જાત “GAK-3” વિશે માર્ગદર્શન આપતા વૈજ્ઞાનિક<br>ડૉ. એમ. એમ. પંડ્યા</td>
<td>નાગલીના “નેક અને ફીંગર બ્લાસ્ટ” વિશે પ્રત્યક્ષ વિશે<br>માર્ગદર્શન આપતા ડૉ. વાય. બી. ચૌહાણ</td>
</tr>
<tr>
<td colspan="2">
</td>
</tr>
<tr>
<td colspan="2">કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આકૃયુ, જબુગામના B.Sc. (Agri.)ના ૭માં સેમેસ્ટરના “હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર” ની<br>મુલાકાત</td>
</tr>
</table>